PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/કવા–૦૩/૧૮–૧૯/ 10292 તા. 22-11-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ડાયબેન દેવશીભાઈ સોલંકી,
ભાલપરા વારા– ભાલપરા વાડી વિસ્તાર –
સવની પાટીયાની બાજુમા
ગામ: મોરાજ, તા. વેરાવળ,
જી. ગીર–સોમનાથ
પીનકોડ–૩૬૨૨૬૯
મો: ૮૭૫૮૧ ૨૯૨૦૨, ૯૯૧૩૮ ૪૫૦૩૩

**વિષય :–ભાવપત્રક બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૬–૧૦–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૫/કવા–૦૩/૧૮–૧૯)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, પ્રભાસ પાટણ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૫/ક્વા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૬–૧૧–૧૮ | સ્થળ : વેરાવળ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ડાયબેન દેવશીભાઈ સોલંકી, ગામ: ભાલપરા

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે તેમના –દેર– સરમણભાઈ કરશનભાઈ હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, પ્રભાસ પાટણ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)

રજુઆત કરનાર :ડી.વી.લાખાણી – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ

---

## : હુકમ :

ફરીયાદ : ભાવપત્રક બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ ભાલ પરા વાડી વિસ્તાર ખાતે રહેતા હોય, તેઓની વેરાવળ તાલુકાના મોરજ ગામે ખેતીની જમીન આવેલી છે, તેઓએ ખેતજોડાણ મેળવવા માટે જરૂરી નોંધણી ફી તા.૨૬–૧૨–૧૩ ના રોજ થી ભરપાઇ કરેલ હતી. પ્રભાસપાટણ પેટા વિભાગીય કચેરી દ્વારા સદર જોડાણ માટેનું ભાવ પત્રક ભૂલથી ડારી ગામે મોકલવામાં આવેલ હતું તેઓને ભાવ પત્રક બાબતની કોઈ પણ પ્રકારની જાણકારી આપવામાં આવી નહોતી તેઓનો જોડાણ મેળવવા માટેનો કાયદેસરનો વાર હોય તેમજ તેઓને સદર જોડાણ ની ખૂબ જ જરૂરિયાત હોય, આમ– અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ડાયબેન દેવશીભાઈ સોલંકી, ગામ: ભાલપરા ને ભાવપત્રક મળેલ નથી,જેના અનુસંધાને - સદર કેસ ફાઇલ ચકાસતા સદર અરજદાર દ્વારા તારીખ ૨૬/૧૨/૨૦૧૩ ના રોજ એમઆર નં ૨૫૪૫૩/ તા.૨૬.૧૨.૨૦૧૩ થી રૂ.૨૦૦ ભરી મોરાજ ગામે સર્વે નં ૯૪/૩ માં નવા ખેતીવાડી જોડાણ લેવા માટે અરજી નોધાવેલ હતી.<br>• જેનો સામાન્ય યોજના હેઠળ ક્રમ માં વારો આવતા નિયમ મુજબ ભાવપત્રક રવાના કરેલ, પરંતુ ભાવપત્રક ની નકલ કેસ ફાઇલ માં સામેલ નથી, પરંતુ જીપી રજીસટર ચકાસતા તેમાં ક્રમ નં ૪૨૯ માં ભાવપત્રક ન ૧૫૬૭ તા. ૦૧.૦૪.૨૦૧૭ થી જોવા મળે છે.<br>• ભાવપત્રક ની નકલ કેસ ફાઇલ માં સામેલ ન હોય ,પત્ર નું સરનામું જાણી શકાય તેમ નથી, પરંતુ સદર અરજદાર નું ભાવપત્રક ઇ-ઉર્જા માં રન કરી ચેક કરતાં સરનામાં ગામ-મોરજ જોવા મળેલ છે. |

| | |
|---|---|
| | • સદર રવાના કરેલ ભાવપત્રક આરપીએડી થી રવાના કરેલ છે, જે સ્ટેમ્પ રજીસ્ટર ચેક કરતાં તારીખ ૦૩/૦૪/૨૦૧૭ ની તારીખ માં સદર એન્ટ્રી જોવા મળેલ છે, જેમાં ગામ ની સામે –મોરજ ગામ લખેલ છે, આરપીએડી સ્લીપ કોપી માં તારીખ ૦૬/૦૪/૨૦૧૭ છે,જેમાં ગામ ડારી લખેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે.<br>• ભાવપત્રક આપ્યાના એક વર્ષથી પણ વધારે સમય થયેલ છે, પરંતુ અરજદાર દ્વારા અગાઉ ક્યારેય પણ આ બાબતે લેખિત કે મૌખિક જાણ કરેલ નથી.<br>• રવાના થયેલ ભાવપત્રક પરત આવેલ હોય તેનો કોઈ રેકોર્ડ ફાઇલ માં જોવા મળેલ નથી..<br>આમ ઉપરોક્ત તમામ દસ્તાવેજોનો અભ્યાસ કરતાં પે.વિ.કચેરી દ્વારા સદર અરજદાર ને ભાવ પત્રક આપવામાં આવેલ છે અને રજી.એડી. પણ કરવામાં આવેલ છે પરંતુ કોઈક કારણ સર પોસ્ટ વિભાગ દ્વારા ભૂલચૂકથી અરજદાર નું ભાવ પત્રક મોરાજ ગામ ની જગ્યાએ ડારી ગામ ના સરનામે જતું રહેલ છે એવું પ્રાથમિક દ્રષ્ટિ એ જોવા મળે છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ની નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની તારીખ ૨૬/૧૨/૨૦૧૩ ના રોજ એમઆર નં ૨૫૪૫૩ થી રૂ.૨૦૦ ભરી નોંધણી કરાવેલ છે, જે અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સ્ટેમ્પ રજીસ્ટર મુજબ – ભાવપત્રક તા. ૦૩.૦૪.૨૦૧૭ ના રોજ રજીસ્ટર્ડ ટપાલ દ્વારા મોરાજ ગામે નોંધણી થયેલ છે. સદર ભાવપત્રક અરજદાર ને મળેલ ન હોય – જેથી અરજદારે ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા અરજી કરેલ છે. |
| ૩.૨ | પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ – સદર અરજદાર ની કેસ ફાઇલ મુજબ નવા વીજજોડાણ મેળવવા માટે ના નિયત અરજી ફોર્મ માં તેઓને વીજજોડાણ સર્વે નંબર: ૯૪ પૈકી ૩ વેરાવળ તાલુકાના મોરાજ ગામે ૦૫ હોપા નુ જોડાણ માંગણી કરેલ છે. જેમા પત્ર વ્યહવાર નુ સરનામુ અરજદાર દ્વારા નીચે મુજબ નોંધણી કરાવેલ છે.<br><br>ડાયબેન દેવશીભાઈ સોલંકી<br>C/O, ભાલપરા બાયપાસ પાસે,<br>તા.વેરાવળ,<br>જી. ગીર સોમનાથ<br>મો.૯૯૧૩૮ ૪૫૦૩૩<br><br>જયારે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ રજીસ્ટર્ડ ટપાલ ની પહોચ નં: **A RG422858145IN** મુજબ – ડાયબેન દેવશીભાઈ સોલંકી – ડારી, વેરાવળ પીનકોડ–૩૬૨૨૬૬ તા.૦૬–૦૪–૧૭ જણાયેલ છે. તેમજ, સદર બાબતે મોકલાવેલ ભાવપત્રક પરત આવેલ હોય – તેનો રેકર્ડ રજુ કરાયેલ નથી. સદર બાબતે સબંધક પેટા વિભાગીય કચેરી દ્વારા – પોસ્ટ માસ્તર પ્રભાસ પાટણ ને – ૬૩૧૯ તા.૧૩–૧૧–૧૮ થી જણાવેલ કે – સદર ભાવપત્રક રજીસ્ટર્ડ ટપાલ મારફત મોકલાવેલ હતુ, જે અરજદાર ને મળેલ નથી, તે અંગે પ્રત્યુતર આપવા જાણકારી આપેલ છે. જેનો કોઈ પ્રત્યુતર પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. |

| | |
|---|---|
| <u>૩.૩</u> | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે – અરજદાર ને ભાવપત્રક મળેલ જ હોય – તેવો કોઈ પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. તેમજ, અરજદાર દ્વારા નિયત અરજી ફોર્મ મા દર્શાવ્યા મુજબના સરનામા પર ભાવપત્રક મોકલવામા આવેલ નથી. તેમજ અરજદાર ને સદર અરજી કેન્સલ કરાયા હોવાનો પત્ર પણ વિભાગીય કચેરી કક્ષાએથી લખાયેલ નથી. નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં.9.14 મા કરાયેલ Service of Notice અન્વયે ની જોગવાઈ મુજબ "Any order/ notice on the consumer by the licensee, including the notice under Section 56 of the Act shall be deemed to be duly served if it is sent by registered post at the correct postal address of the addressee or delivered by hand to the person residing at the address notified to the licensee by the consumer: Provided that in the case of an individual. service of notice to the consumer's spouse or his authorized representative, and in the case of a firm, company or corporation, service of notice on the Managing Director, Director or Principal Officer or an authorized person of such a concern, shall be taken as sufficient service for the purpose of this Code." |
| <u>૩.૪</u> | આમ, મુદ્દા નં. ૩.૧ થી ૩.૩ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને– ઉપરોક્ત બાબતો ને ધ્યાનમા લેતા – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર ભાવપત્રક નિયત અરજી ફોર્મ મા દર્શાવ્યા મુજબ ના સરનામે ભાવપત્રક મોકલાવેલ ન હોય – જેથી, કુદરતી ન્યાય ના સિધ્ધાંત મુજબ – અરજદાર ને ફરીથી અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૨૦ મા સદર ભાવપત્રક નિયત અરજી ફોર્મ મા દર્શાવ્યા મુજબ ના સરનામે ભાવપત્રક પાઠવવા અંગે ની નિયમાધીન કાર્યવાહી કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદ્દા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૪ મુજબ ની વિગતેની કાર્યવાહી કરાયા નો અહેવાલ ફોરમ કમિટી ને દિન–૩૦ મા આપવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.